મળ્યા પ્રત્યક્ષ ભગવાન, (૨) હો... આપે છતી દેહે અક્ષરધામ... (૨)
એનું લેતા નથી એ મૂલ, જોતા નથી કદી કોઈની ભૂલ,
ઉદારતા છે... રે વિપુલ... (૨) મળ્યા પ્રત્યક્ષ ભગવાન... હો...

પૂર્ણ મળ્યા છે તેનો આનંદ પૂર્ણ કરીને મૂકશે, (૨)
પ્રારબ્ધની શુદ્ધિ કરવામાં... <u>ક્યારેક જરી મૂંઝવશે</u> (૨)
ત્યારે હારું નહીં હું હામ, માનું રાજી થયા છે ઘનશ્યામ,
સાધનમાં લઉં તારું નામ (૨) મળ્યા પ્રત્યક્ષ ભગવાન... હો...

સુખરૂપ સ્વભાવ જાણીને સાચવ્યા, જ્ઞાનભક્તિ કવચમાં, (૨)
અપાર, અવ્યક્ત, દિવ્યશક્તિથી... <u>ભેદી કાઢે તે પળમાં...</u> (૨)
તારી વસમી લાગે રીત, તોયે માનું તેમાં સમાયું છે હિત,
તેથી બુદ્ધિ બંધ કરવી ઉચિત... (૨) મળ્યા પ્રત્યક્ષ ભગવાન... હો...

બીજા ઉપાયો મૂકી દઈને, એક તુજને સંભારું... (૨)
ચોવીસ કલાકની એક પળ પણ... <u>ના તુજને વિસારું રે...</u> (૨)
તેથી અખંડ રહું જાગ્રત... કે મન મારું બીજે ન થાય પ્રવૃત્ત,
કે રહેવું છે મૂરતિમાં ર.. ત... (૨) મળ્યા પ્રત્યક્ષ ભગવાન... હો...

બળિયા પાસે રાંક બનીને, રાજી કરી લઉં એને, (૨)
સાક્ષાત્કાર મહિમાનો કરાવી... <u>નિર્દોષબુદ્ધિ દે છે...</u> (૨)
એની પાસે મૂકી દઉં ઠરાવ, દિવ્ય છે જે જે બને તે બનાવ,
મૂકાવી દે મૂંઝવતા સ્વભાવ... (૨), મળ્યા પ્રત્યક્ષ...
મળ્યા પ્રત્યક્ષ ભગવાન... હો...